શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની

પાઠશાળા

પુસ્તક : ૭૧ મે : ૨૦૦૯

વૈશાખ :વીર સં.૨૫૩૫ :વિ. સં. ૨૦૬૫

# જીવનનો આધાર અંદર શોધીએ



ચિત્રકાર : રસિકલાલ પરીખ

**સંકટ ભરેલી જિંદગીથી હારનારો હું નથી,**
**સાગર ડૂબાડી દે મને, તેવો કિનારો હું નથી;**

# જીવનનો આધાર અંદર શોધીએ

આપણે સ્વભાવે સ્થૂળ દષ્ટિવાળા છીએ. આપણાં જીવનને ટકાવી રાખવા માટે એવો જ સ્થૂળ આધાર પકડીએ છીએ. એ આધારને વળગી રહીએ છીએ. એ આધાર ગમે ત્યારે તૂટી જાય તેવો તકલાદી હોય છે. ડૂબતો તણખલાને પકડે એવો આ ઘાટ થાય છે. આથી કાંઈક જુદું અને વિશેષ પણ જોવા મળે છે. સ્થૂળ આધારના તકલાદીપણાને તેઓએ જાણી લીધો હોય છે. આવા સત્ત્વશાળી મહાપુરુષોના જીવનને જોતાં તેઓ બહારના સ્થૂળ આધારને પકડવાને બદલે અંદરના કોઈ સત્ત્વને આધારે ટકતાં હોય છે. આ વિચારને ટેકો આપતું એક વાક્ય છે :

**सतां सिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥**

(મહાપુરુષોની સિદ્ધિનો આધાર આંતર સત્ત્વ હોય છે. કાર્યના ઉપકરણો ઉપર એ સિદ્ધિ અવલંબતી નથી.)

જીવનનો અંત તો સુનિશ્ચિત છે જ. અંગત વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે તેને આધારે જીવતી વ્યક્તિનું જીવન અકારું થઈ જાય છે. તે વ્યક્તિ તે પછી મૃતપ્રાયઃ થઈ જાય છે. કારણ સ્પષ્ટ છે. પોતાના જીવનનો આધાર તે વ્યક્તિને બનાવ્યો હતો. એ વ્યક્તિ ગઈ તેથી તેનું જીવન ધરાશાયી થઈ જાય છે.

જેણે પ્રથમથી જ પોતાનો અધાર અંદર શોધ્યો છે તે વ્યક્તિ તેવી રીતે તૂટી જતી નથી. બીજી ક્ષણે જ તે ફરી કામે લાગે છે.



તસ્વીરકાર : મધુકાંત તેલી (સૌજન્ય 'કુમાર')

ક્યારેક તો આ બનવાનું હતું જ. આ સત્ય તેણે સ્વીકારેલું હોય છે.

પ્રકૃતિએ આપણને આવું બળ આપ્યું છે તો શા માટે આપણે આપણા જીવનનો આધાર બહાર કશે શોધીએ ? આપણે આપણા જીવનનો આધાર અંદર જ ગોતીએ. આ માટે પ્રથમ પગલાં જેવી પણ ખૂમારીભરી આ પંક્તિઓ યાદ આવે છે :

સંકટ ભરેલી જિંદગીથી હારનારો હું નથી,
સાગર ડૂબાડી દે મને, તેવો કિનારો હું નથી;
મારે સદા અજવાળવા, અંધાર ઘેર્યા પંથ સૌ,
ચમકી અને તૂટી પડે, તેવો સિતારો હું નથી.
નવી હિંમત, નવી આશા, નવા જોમથી હૈયામાં હામ ભરી લઈએ;
અરમાનને સિદ્ધ કરીએ.

— પ્રદ્યુમ્નસૂરિ

# શ્રી ગૌતમસ્વામીનો છંદ

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમનામ જપો નિશદિશ ॥
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે વિધાન ॥૧॥

ગૌતમ નામે ગિરિવર ચડે, મનવાંછિત હેલા સંપજે ॥
ગૌતમ નામે ના'વે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ ॥૨॥

જે વૈરી વિરુઆ વંકડાં, તસ નામે ના'વે ઢૂંકડા ॥
ભૂતપ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરું વખાણ ॥૩॥

ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય ॥
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર ॥૪॥

શાલ દાળ, સુરહા ઘૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોળ ॥
ઘરેસુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત ॥૫॥

ગૌતમ ઊગ્યો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગભાણ ॥
મોટા મંદિર મેરુ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ ॥૬॥

ઘર મયગળ ઘોડાની જોડ, વારુ પહોંચે વંછિત કોડ ॥
મહિયળ માને મોટા રાય, જો ત્રુઠે ગૌતમના પાય ॥૭॥

ગૌતમ પ્રણમ્યે પાતિક ટળે, ઉત્તમ નરની સંગત મળે ॥
ગૌતમ નમો નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥૮॥

પુણ્યવંત  અવધારે સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ ॥
કહે લાવણ્યસમય કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ ॥૯॥

# શ્રી ગૌતમસ્વામીનો છંદ



નવ કડીનું આ યાદગાર કાવ્ય રોજ સવારે શ્રી ગૌતમસ્વામી ભગવાનની છબી સામે રાખીને બોલવા જેવું કાવ્ય છે.

આની રચના કરનાર પં. લાવણ્યસમયજી મહારાજની આ યાદગાર કૃતિ છે. મહારાજશ્રીનો જન્મ અમદાવાદમાં વિ.સં.૧૫૨૧માં થયો, અને દીક્ષા વિ.સં. ૧૫૨૯માં થઈ, એટલે કે માત્ર નવ વર્ષે દીક્ષા થઈ. તેમનો સમુદાય શ્રી લક્ષ્મીસાગરસૂરિ મહારાજનો અને તેમના ગુરુ પં. શ્રી સમયરત્ન મહારાજ હતા. તેઓએ પોતે રચેલા વિમલ પ્રબંધની પ્રશસ્તિમાં નોંધે છે કે માત્ર સોળ વર્ષની વયે ભગવતી દેવી સરસ્વતીની કૃપા થઈ અને પોતે છંદ-કવિતા-ચોપાઈ વગેરેની રચના કરવા લાગ્યા. મોટા ગજાના આ સર્જકની રચેલી ઘણી રચનાઓ મળે છે. આ છંદ તેઓએ ભાવપૂર્વક રચ્યો છે.

શ્રી ગૌતમસ્વામી ભગવાન નામમાં જ કામધેનુ ગાય, સુર તરુ અને ચિંતામણિ છૂપાયેલા છે :

ગૌ એટલે કામધેનુ ગાય,<br>
ત એટલે સુર તરુ (કલ્પવૃક્ષ),<br>
મ એટલે ચિંતામણિ.

શ્રી ગૌતમસ્વામીના નામમાં જ એવી શક્તિ છે કે તેમના સ્મરણ માત્રથી પણ નવી શક્તિનો સંચાર થાય. જો તેઓશ્રીનું ધ્યાન કરવામાં આવે તો ઘરે નવે પ્રકારના નિધાન મળે.

તેઓશ્રીનું નામ લઈને ગિરિવર ચઢવામાં આવે તો હેલા =બહુ સહેલાઈથી ચઢી શકાય અને મનમાં જે ઈચ્છ્યું હોય તે મળી આવે.

ગૌતમસ્વામીનું નામ લેવાથી રોગ આવતો નથી, સર્વ શુભ સંયોગ રચાઈ જાય છે.

માણસ છે તેથી એ રાગ-દ્વેષથી ભરેલો છે તેથી તેના વૈરી હોય તે વૈરી-વિરૂપ અને વાંકા છે, તે બધા ગૌતમના નામથી પાસે આવે(ઢૂંકે) નહીં. ભૂત-પ્રેત તે બધા વળગતાં નથી. જેના નામથી આ બધું બને છે તે ગૌતમસ્વામીની પ્રશંસા -સ્તુતિ કરું છું.

ગૌતમના નામ લેવાથી કાયા નિર્મળ રહે છે, આયુષ્ય સારી રીતે પસાર થાય છે. ગૌતમસ્વામી ભગવાન એ વર્તમાન જિનશાસનનાં શણગાર છે. ગૌતમસ્વામીનું નામ લેવાથી જય જયકાર થાય છે.

હવે, આગળ શ્રી છંદકાર મહાપુરુષ ભોજનની વાત કરે છે. શાલ એટલે ચોખા-ભાત-દાળ અને સુરભા એટલે સુગંધી ઘી અને ગોળ --આ શ્રેષ્ઠ ભોજન કહેવાય અને ભોજન પછી પાન મળે, કપડાં પોતાની ઈચ્છા મુજબના મળે, એટલું જ નહીં, ઘેર સુગૃહિણી -સ્વભાવની શાંત, કહ્યાગરી અને અનુકૂળ હોય એને સુગૃહિણી કહેવાય, વળી ચિત્ત નિર્મળ રહે અને સંતાન હોય તે પણ વિનયવંત હોય.

દિવસ પણ સારો જાય. વિહાણ = વાહણું-સવાર. ગૌતમના નામનો સૂરજ જ્યાં ઉગતો હોય ત્યાં લીલાલ્હેર હોય, તેના પ્રભાવે પુણ્યોદય એવો પ્રવર્તે કે ઘેર સુંદર ઘોડા હણહણે; જે જે ઈચ્છા થાય તે બધી ઈચ્છાઓ પૂર્ણ થાય.

મહિયળ એટલે દુનિયા માને કે આ મોટા રાજા છે. જો ગૌતમસ્વામી પ્રસન્ન થઈ જાય તો શું ન થાય !

ગૌતમસ્વામીને પ્રણામ કરવાથી પાપ ટળે છે. (પછીની ફળપ્રાપ્તિ ઈચ્છવા જોગ છે.) ગૌતમસ્વામીના પ્રભાવે ઉત્તમ મનુષ્યોની સાથે મેળાપ થાય છે. ગૌતમના નામે જ્ઞાન અને તે પણ <u>નિર્મળ</u> મળે છે. અહીં નિર્મળ એટલે સમ્યગ્. શરીરનો વર્ણ પણ સારો બને છે.

માટે તમામ પુણ્યવંતો આ મહાપુરુષને અવધારો. ગૌતમના ગુણ ઘણા છે.

પં. લાવણ્યસમય હાથ જોડીને કહે છે કે જો ગૌતમસ્વામી તમને ફલ્યા તો ક્રોડ સંપત્તિની પ્રાપ્તિ થાય.

આમ આ નવ કડીમાં ગૌતમસ્વામીનું કીર્તન જ કરવામાં આવ્યું છે. અને ગૌતમસ્વામીના શરીરને સ્પર્શીને જે પવન વાય તે જેને સ્પર્શે તેનો છ મહિનાનો ગમે તેવો રોગ હોય તે જાય છે.

ગૌતમસ્વામીનો જય હો ! વિજય હો !

— પ્રદ્યુમ્નસૂરિ

# જિજ્ઞાસા

*પ્રશ્ન : અમે સાંજના પ્રતિક્રમણમાં સામાયિક લીધાં પછી જે મુહપત્તિ પલેવીને જે મુહપત્તિ પલેવીને બે વાર વાંદણા લઈને પછી પચ્ચખ્ખાણ કરીએ છીએ તો એ બે મુહપત્તિ અને બે વાંદણા શા માટે લેવાના ? આ અમારો પ્રશ્ન છે. આપ યોગ્ય સમાધાન આપવા કૃપા કરશોજી.*

ઉત્તર : સાંજના પ્રતિક્રમણમાં સામાયિક લીધા પછી જે મુહપત્તિ અને વાંદણા દેવાના છે તેનો હેતુ એવો સમજાય છે કે પચ્ચખ્ખાણ જે લેવાનું છે તે દિવસનું છેલ્લું પચ્ચખ્ખાણ છે. તે દિવસ છતાં લેવાનું છે. હવે સૂર્ય અર્ધ ડૂબ્યો હોય ત્યારે વંદિત્તુ આવે એ તો સમય સચવાતો નથી તેથી જ્ઞાની પુરુષોની કરૂણાને કારણે સૂરજની આભા થોડો થોડો ઉજાસ હોય ત્યાંજ પચ્ચખ્ખાણ થઈ જાય માટે આ વ્યવસ્થા ગોઠવાઈ છે.

હવે જ્યારે ગુરુ મહારાજ પાસે પચ્ચખ્ખાણ લેવાનું હોય ત્યારે વંદના કરીને જ લેવાનું હોય, વંદના કરવાની હોય ત્યારે મુહપત્તિના પડિલેહણ દ્વારા દ્રવ્ય અને ભાવ પડિલેહણથી મનના દોષો દૂર કરીને ગુરુ મહારાજની નજીક જવાય એમ વંદના કરીને પચ્ચખ્ખાણ લેવાય, આમ એનો હેતુ છે.

*પ્રશ્ન : પ્રતિક્રમણના, સાંજના પ્રતિક્રમણની વાત વિચારવાની શરુ કરી છે તો એક વાત મનમાં ઘોળાય છે. તે એ કે નમોડસ્તુ બોલાયા પછી નમુત્થુણં પછી સ્તવન બોલવાનું હોય છે તે પહેલા "ઈચ્છા કારેણ સંદિસહ ભગવન્ સ્તવન ભણું ?" આમ આદેશ પૂર્વક સ્તવન બોલવાનું આપ ફરમાવો છો; જ્યારે કેટલાક સાધુ મહારાજ સીધું જ નમોડર્હત્ બોલીને સ્તવન શરુ કરે છે. આમાં સાચું શું છે ? જરા કૃપા કરીને સમજાવશોજી.*

ઉત્તર : વાત એવી છે કે આમાં કાંઈ પ્રયોજન હોવું જોઈએ કોઈકની પાસે પૃચ્છાના સ્વાધ્યાય કરવો જોઈએ એ વૃત્તિનો હ્રાસ થતો જાય છે તે કાળનો પ્રભાવ ગણવો જોઈએ.

છેલ્લા ૩૦૦/૪૦૦ વર્ષમાં વિધિમાર્ગમાં ઘણાં ફેરફાર થયા છે તે પૈકીનો આ ફેરફાર ગણવો જોઈએ.પહેલાં "નમોડસ્તુ"નો પાઠ તાર સ્વરે સમૂહમાં થાય ત્યાં દેવસી પ્રતિક્રમણ પૂરું થાય છે. તે પછી પ્રત્યેક વ્યક્તિ પોત-પોતાની રુચિ પ્રમાણે થોડો વખત તેમાં રહેતો હતો તે વખતે એ સ્તવન કરે તો તેની રજા માંગે, "હું સ્તવન ભણું" જવાબમાં સંમતિ આપે અને તે સ્તવન બોલે; આમ વાત હતી. એ આદેશ માંગવાનું ઉભુ રાખવાથી અહીંથી નવો ભાગ શરુ થાય એ વાત જાણી શકાય છે માટે જરૂરી છે.

---

સુધારો 'પાઠશાળા' અંક ૬૮માં તળાજા તીર્થ અંગેના જિજ્ઞાસા લેખમાં નીચે મુજબ સુધારીને વાંચવું : આથી પ્રસન્ન થઇને શ્રી પદ્માવતી દેવીએ તેમને શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં પ્રતિમાજી આપ્યાં. આ અલૌકિક પ્રતિમાજીના સ્નાન-જળના છંટકાવ દ્વારા સમગ્ર સૈન્ય યુવાન અને જીવંત બની ગયું. જરાસંઘની જરા વિદ્યાને મહાત કરે તેવું પ્રબળ આ જળ પુરવાર થયું ! (સંપાદનની આ છાપભૂલ બદલ ક્ષમા-પ્રાર્થના)

# જિજ્ઞાસા

*પ્રશ્ન : પખ્ખી પ્રતિક્રમણમાં જે મોટી શાંતિ બોલ્યા ત્યારે નું હ્રી શ્રી ધૃતિ મતિ૦ એ ગાથામાં હ્રી શ્રી બોલ્યા હતા. અમે તો બધી વખત હ્રીં શ્રીં એવું જ બોલીએ અને સાંભળીએ છીએ; તો અમારે શું બોલવું ? અને કોઈ પૂછે તો શું જવાબ દેવો ? કૃપા કરી ખુલાસાથી જવાબ આપશોજી.*

ઉત્તર : આ બધા દેવીના નામ છે. જ્યારે અનુસ્વાર યુક્ત હોય તો તે મંત્ર-બીજ બને છે. આપણે મંત્ર-બીજથી પરિચિત છીએ પણ દેવીઓનાં નામથી પરિચિત થવાનું બાકી છે. વળી એ જ મોટી શાંતિમાં આગળ ઉપર જે राजाधिपानां પાઠ છે ત્યાં राज्याधिपानां બોલવાનું છે. એની પેલાની ગાથામાં राजसन्नि वेशानां પદ આવે છે ત્યાં પણ राज्य० પદ બોલવું જોઈએ.

તમે નાની વયમાં પ્રતિક્રમણના સૂત્રો મોઢે કર્યા તે કર્યા પણ પછીથી કોઈ ગુરુ મહારાજને સંભળાવ્યા છે ખરાં ? મંત્રીશ્વર પેથડ દર છ મહિને ગુરુ મહારાજને સંભળાવતાં અને જે અશુદ્ધિઓ પેસી ગઈ હોય તે પ્રયત્ન પૂર્વક દૂર કરતાં હતાં. ( ઉપદેશ તરંગિણીમાં આ અધિકાર આવે છે.)

પ્રશ્ન : *અમે સાંજના પ્રતિક્રમણમાં સામાયિક લીધાં પછી જે મુહપત્તિ પલેવીને જે મુહપત્તિ પલેવીને બે વાર વાંદણા લઈને પછી પચ્ચખ્ખાણ કરીએ છીએ તો એ બે મુહપત્તિ અને બે વાંદણા શા માટે લેવાના ? આ અમારો પ્રશ્ન છે. આપ યોગ્ય સમાધાન આપવા કૃપા કરશોજી.*

ઉત્તર : સાંજના પ્રતિક્રમણમાં સામાયિક લીધા પછી જે મુહપત્તિ અને વાંદણા દેવાના છે તેનો હેતુ એવો સમજાય છે કે પચ્ચખ્ખાણ જે લેવાનું છે તે દિવસનું છેલ્લું પચ્ચખ્ખાણ છે. તે દિવસ છતાં લેવાનું છે. હવે સૂર્ય અર્ધ ડૂબ્યો હોય ત્યારે વંદિત્તુ આવે એ તો સમય સચવાતો નથી તેથી જ્ઞાની પુરુષોની કરૂણાને કારણે સૂરજની આભા થોડો થોડો ઉજાસ હોય ત્યાંજ પચ્ચખ્ખાણ થઈ જાય માટે આ વ્યવસ્થા ગોઠવાઈ છે.

હવે જ્યારે ગુરુ મહારાજ પાસે પચ્ચખ્ખાણ લેવાનું હોય ત્યારે વંદના કરીને જ લેવાનું હોય, વંદના કરવાની હોય ત્યારે મુહપત્તિના પડિલેહણ દ્વારા દ્રવ્ય અને ભાવ પડિલેહણથી મનના દોષો દૂર કરીને ગુરુ મહારાજની નજીક જવાય એમ વંદના કરીને પચ્ચખ્ખાણ લેવાય, આમ એનો હેતુ છે.

— પ્રદ્યુમ્નસૂરિ

# ...અને જમણો હાથ લંબાયો

વિ.સં.૧૩૪૦નો પ્રસંગ છે. સાબરમતીના તટે આશાવળ (આજનું અમદાવાદ) ગામ. ગામનો રાજા સારંગદેવ. રાજાને ભેટ ધરવા રોજ રોજ એની પ્રજામાંથી કોઈ ને કોઈ આવે. રાજાને વિચાર આવ્યો : ભેટ-સોગાદ ડાબા હાથેથી લેવી. નિયમ કર્યો -ભેટ લેવી પણ દર વખતે ડાબો હાથ જ ધરવો. રાજા આ નિયમ અતૂટ પાળતા !

મંત્રીશ્વર ઝાંઝણે માંડવગઢથી બે લાખ યાત્રીઓ સાથે લઈને ગિરનાર થઈને ગિરિરાજની યાત્રા કરી, સંઘમાળ પહેરી સાથે આવેલા બધા યાત્રીઓને માંડવગઢ સ્વસ્થાને પહોંચાડવા સાથે લીધા હતા.

લાંબા રસ્તે પડાવ કરતાં કરતાં આશાવળ આવ્યું. ત્યાં બધાનો ઉતારો હતો. સાથેના કલાકારોએ માંડવગઢની આબેહૂબ રચના કરી હતી. રાજા સારંગદેવને નિરખવા આમંત્રણ અપાયું. રાજા સાહેબ પધાર્યા. એક તંબૂમાં સિંહાસન પર વિરાજમાન કરાયા. આંગણે પધારેલા રાજાને કાંઈક વિશિષ્ટ ભેટ આપવી જોઈએ એમ ચતુર મંત્રીશ્વરે વિચાર્યું હતું. રાજા સાથે વાર્તાલાપ થયા. પછી મોટા રજત-થાળમાં પૂર્વ યોજના પ્રમાણે ઊજળું બારીક મઘમઘતું કપૂર મંગાવ્યું. બે હાથનો ખોબો ભરી રાજાને ભેટ આપવા તૈયારી બતાવી. રાજા પણ વસ્તુનો મર્મજ્ઞ અને સૌંદર્યપ્રેમી હતો. હંમેશના શિરસ્તા મુજબ ડાબો હાથ ધર્યો. ઝાંઝણે ખોબાની વચલી ફાટમાંથી સુગંધ ફેલાવતું બારીક કપૂર ધીરે ધીરે ખેરવવા માંડ્યું. રાજા ઝીલતો ગયો. શુભ્ર કપૂરની ઝીણી ધાર પર બધાની નજર કેન્દ્રીત થઈ. ડાબી હથેળીમાં તો કપૂરની શગ ચડવા લાગી અને એ હથેળી ભરાઈ ગઈ. કપૂર તો હજુ ખરતું રહ્યું અને નીચે ધૂળમાં પડવા લાગ્યું. રાજા આવું ઉજ્જવળ કપૂર જોવામાં તલ્લીન બન્યા હતા. આવું સુગંધી કપૂર ધૂળમાં કેમ પડવા દેવાય ! તરત જ બીજો જમણો હાથ ડાબા હાથની જોડે જોડી દીધો !

ત્યાં ઊભેલા બધા મહેમાનો અને આમંત્રીતોએ હર્ષની તાળીઓ વરસાવી તંબૂ ગજાવી દીધો ત્યારે રાજાને ભાન થયું કે તાળીઓનો ગર્જારવ શાને થયો !

ક્યારે પણ નહીં ધરેલો જમણો હાથ ધરાઈ ગયો !

ઝાંઝણે ધારા અટકાવી દીધી અને મરક મરક હસતા હતા.

આવા ચતુર મંત્રીશ્વરની આ વાત છે.

— પ્રદ્યુમ્નસૂરિ

'પાઠશાળા' ના આ અંકના સૌજન્યનો સાભાર સ્વીકાર

જ્ઞાન પ્રસારણના સહભાગી

**તરફથી**

**પૂજ્ય સાધ્વીજીશ્રી હેમલતાશ્રીજીના ઉપદેશથી**

પાઠશાળા

પુસ્તક : ૭૧

(પાનાં - ૬૧૫-૬૨૨)

પ્રકાશક : બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, રમેશ શાહ (સંપાદક)

૭૦૩, નૂતન નિવાસ,ભટાર માર્ગ,સૂરત : ૩૯૫ ૦૦૧

Phone: (0261)2240733 & 3054748 Mo.: 9427152203

email : ramesh_pathshala@yahoo.com